ગાંધીનગર સમાચાર

**ગાંધીનગર તાપમાન**

મહત્તમ : ૩૧.૦ ડીગ્રી
લઘુતમ : ૧૭.૦ ડીગ્રી
ભેજ
સવારે ૬૫ ટકા ● સાંજે ૫૨ ટકા

# વાવોલ વિસ્તાર વિકાસ સમિતિનું સ્વયંભૂ સ્વચ્છતા અભિયાન



ગાંધીનગર, તા.૧૯

ગાંધીનગરના વાવોલ ખાતે સ્થાનિક રહીશો દ્વારા સવારે સ્વયંભૂ સ્વચ્છતા અભિયાન હાથ ધરવામાં આવ્યું હતું. વાવોલ વિસ્તાર વિકાસ સમિતિ પ્રેરિત આ સ્વચ્છતા અભિયાનમાં વિજય એપાર્ટમેન્ટ સામેના મુખ્યમાર્ગ પરના વિસ્તારની ગંદકીને દૂર કરવામાં આવી હતી.

વાવોલ વિસ્તાર વિકાસ સમિતિ દ્વારા છેલ્લા ત્રણેક માસથી સોસાયટી વિસ્તારમાં પાયાની સુવિધાઓ તથા સમસ્યાઓ બાબતે તંત્રમાં રજુઆતો સાથે રચનાત્મક પગલાં ભરવામાં આવી રહ્યા છે. વાવોલની નવનિર્મિત સોસાયટીઓના પ્રતિનિધિઓ દ્વારા સ્વયંભૂ રીતે કાર્યરત બનેલી આ સમિતિ ગુડા વિસ્તાર વાવોલમાં સ્વચ્છતા બાબતે ગંભીરતા દાખવી રહી છે અને સમિતિ દ્વારા વારંવાર સ્વચ્છતા અભિયાન હાથ ધરવામાં આવી રહ્યા છે. આજે રવિવારની સવારે સમિતિના વિજય એપાર્ટમેન્ટ, મિહિર પાર્ક, માધવન એપાર્ટમેન્ટ અને અંકુર એપાર્ટમેન્ટ દ્વારા સ્વચ્છતા અભિયાન આયોજિત કરાયું હતું. જેમાં અન્ય સોસાયટીના રહીશો પણ જોડાયા હતા. આ અભિયાન થકી સોસાયટી વિસ્તારના રહીશોએ તેમની એકતાનું પ્રદર્શન કરવા સાથે હકારાત્મક અભિગમ દાખવી પ્રસંશનીય કાર્ય કર્યું હતું.

## સે-૨ સ્વામીનારાયણ મંદિર ખાતે ૧૮મો પાટોત્સવ ઉજવાશે

ગાંધીનગર, તા.૧૯

ગાંધીનગર શહેરના સેકટર-૨ શ્રી સ્વામીનારાયણ મંદિરના ૧૮માં પાટોત્વસ તેમજ શ્રી હરિવન વિચરણ ત્રિદિનાત્મક રાત્રીય પારાયણનું આયોજન તા.૨૦ થી ૨૩ નવેમ્બાર દરમિયાન સોમ થી ગુરુવાર રોજ રાત્રે ૮.૩૦ થી ૧૧ કલાક સુધી કરવામાં આવેલ છે. આ કાર્યક્રમમાં પારાયણના વકતા તરીકે સ.ગુ.શા.સ્વા.ચૈતન્યસ્વરુપ દાસજી ગાંધીનગર સત્સંગનો લાભ આપશે. ઉપરાંત શ્રી નરનારાયણ દેવ પીઠાધિપતિ પૂ.ધ.ધુ.આચાર્ય ૧૦૦૮ કૌશલેન્દ્ર પ્રસાદજી તથા દેશ વિદેશથી પૂજય સંતો પધારીને ધાર્મિક અને સામાજીક વિષયો પર મનનીય પ્રવચનનો લાભ આપશે. તો આ ધાર્મિક કાર્યક્રમમાં ભાવિક ભકતોને પધારવા સેકટર-૨ સ્વામીનારાયણ મંદિરના પુરૂષોતમપ્રકાશ સ્વામીજીએ અનુરોધ કર્યો છે.

## ડેમોક્રેટીક પિપલ્સ એસોસિએશનનો સ્નેહમિલન સમારોહ યોજાશે

ગાંધીનગર, તા.૧૯

ડેમોક્રેટીક પિપલ્સ એસોસિએશન ગુજરાત ગાંધીનગરના ઉપક્રમે સંસ્થાના સભ્યો માટે સ્નેહમિલન સમારોહનું આયોજન આગામી તા.૨૧-૧૧-૧૭ને મંગળવારના રોજ ડો.બાબા સાહેબ આંબેડકર હોલ સે-૧૨ ખાતે બપોરે ૩ થી ૬ કલાક દરમિયાન કરવામાં આવ્યું છે. આ પ્રસંગે સંસ્થાના ૭૦ વર્ષ પૂર્ણ કરેલા વરિષ્ઠ સભ્યોનું સન્માન કરવામાં આવનાર છે. તો આ કાર્યક્રમમાં સંસ્થાના તમામ સભ્યોને સહપરિવાર પધારવા સંસ્થાના મહામંત્રી વિરચંદભાઈ પરમારે અનુરોધ કર્યો છે.

## પારેખદાદાની વાંસળીના સૂર પરોઢ સુધી રેલાયા

ગાંધીનગર, તા.૧૯

ગાંધીનગરના સેકટર-૩૦ના સ્મશાન 'મુકિત ધામ' ખાતે શનિવારે કાર્તિકિ અમાવાસ્યા નિમિત્તે રાતભર પારેખદાદાની વાંસળીના સૂર ગૂંજતા રહ્યા હતા. સમગ્ર વર્ષ દરમિયાન શહેરમાં નામી-અનામી મૃતાત્માઓના આત્માની શાંતિ માટે છેલ્લા ૨૬ વર્ષથી પ્રવિણચંદ્ર પારેખના વાંસળી વાદન સાથે ભજન સંધ્યાનું આયોજન કરાય છે. આ વર્ષે પણ આયોજિત આ કાર્યક્રમને માણવા શહેરના સંગીતભાવકો તથા અગ્રણીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.



પ્રવિણચંદ્ર પારેખના વાંસળી વાદનને રાજુભાઈ, રાકેશભાઈ બારોટ, ચંદ્રકાંત પડયા, મયુરીબેન, આશાબેન સરવૈયા, અમદાવાદથી આવલે લતાબેન મંડલીના સ્વરોનો સાથ સાંપડયો હતો. વળી વાદ્યવૃંદમાં રાજશે પારેખ, ચંદ્રકાન્ત પંડયા, ઋષિ શ્રીમાળી અને હસમુખ દવેની જમાવટના કારણે આ ભજન સંધ્યા પરોઢ સુધી ચાલી હતી. આ કાર્યક્રમને દવે સાઉન્ડ દ્વારા સાઉન્ડ વ્યવસ્થા તેમજ હેતલ મંડપ દ્વારા ગાદી-તકિયા વગેરેની સેવા મળી હતી. કાર્યક્રમમાં જીઈબીના ડેપ્યુટી એન્જિનીયર રાજુભાઈ ગઢવી તરફથી ચા નાસ્તાની વ્યવસ્થા કરાઈ હતી તેમજ સમગ્ર કાર્યક્રમના આયોજનમાં મુકિતધામના સંચાલકો જીલુભા ધાંધલ તથા સ્ટાફ વિજયભાઈ અને કરણભાઈ વગેરેએઅ જહેમત ઉઠાવી હતી. તમામ કલાકારો તથા સહયોગીઓનો પારેખદાદાએ કાર્યક્રમના અંતે આભાર વ્યકત કર્યો હતો.




ગાંધીનગર શહેરી વિકાસ સત્તા મંડળ દ્વારા કુડાસણ ખાતે અગાઉ સખી મંડળની મહિલાઓ નાનો ઉદ્યોગ કરી શકે તે માટે દુકાનોની ફાળવણી કરવામાં આવી હતી. આ જ દુકાનોની બહાર રસ્તો બંધ થઈ જાય તેવી રીતે શહેરી વિકાસ સત્તા મંડળ દ્વારા જ તોતીંગ જી-બાઈક સાયકલ સ્ટેન્ડ મુકી દેવામાં આવતા દુકાનની અવર-જવર પર અડચણ ઉભી થઈ ગઈ છે. જેને પગલે તેમના વેપાર ધંધા પર અસર થઈ રહી હોવાનો સુર રેલાયો છે.

## શાહપુર સર્કલ પાસે ટ્રક પલ્ટી ખાઈ જતા ટ્રાફીક જામ



ગાંધીનગર, તા.૧૯

કોબા ગાંધીનગર માર્ગ પર શાહપુર સર્કલ પાસે એક ટ્રક પલ્ટી ખાઈ જતા અડધા કલાક સુધી ટ્રાફીક જામ રહ્યો હતો. બેફામ જતી ટ્રકે બીજી ટ્રકને ટકકર મારતા સર્જાયેલા અકસ્માતમાં ટ્રક પલ્ટી ખાઈ ગઈ હતી. સદભાગ્યે આ અકસ્માતમાં કોઈને ગંભીર ઈજા કે જાનહાની થવા પામી ન હતી. જો કે ટ્રક પલ્ટી ખાઈ જતા ટ્રાફીક ચક્કાજામ થઈ ગયો હતો. અડધા કલાકની જહેમત બાદ રસ્તો કલીયર થતા ટ્રાફીક હળવો થયો હતો.

## કલોલ નજીક ઈસંડ રેલવે ટ્રેક પર એક યુવતી ચગદાઈ

ગાંધીનગર, તા.૧૯

કલોલ તાલુકાના ઈસંડ ગામની સીમ પાસેથી પસાર થતા રેલવેટ્રેક પરથી એક બિનવારસી યુવતીનો મૃતદેહ મળી આવતા ચકચાર મચી જવા પામી છે. ટ્રેનની ટકકરે યુવતીનુંમૃત્યુ થયું હોવાની શકયતાના આધારે પોલિસે વધુ તપાસ શરુ કરી છે.

ઈસંડ ગામ પાસે રેલવે ટ્રેકની બાજુમાં મૃત હાલતમાં પડેલી અજાણી આશરે ૩૫ વર્ષીય યુવતી ઉપર કલોલ રેલવે સ્ટેશન માસ્ટરનું ધ્યાન પડતા તેમણે તાત્કાલીક સ્થાનિક પોલિસને મૃત યુવતી અંગે જાણ કરી બોલાવી લીધી હતી. પોલિસે ઘટના સ્થળે પહોંચી યુવતીનો મૃતદેહ પોસ્ટમોર્ટમ માટે મોકલી તેની ઓળખ થાય તે માટેના પ્રયાસો શરુ કર્યા છે. જોકે હજુ સુધી તેની ઓળખ થઈ શકી નથી. તો બીજી તરફ યુવતીના શરીરે જોવા મળેલી ઈજાઓના નિશાનથી પોલિસ અનુમાન લગાવી રહી છે કે ટ્રેનની અડફેટે આ યુવતીનું મૃત્યુ થયું છે.

# ગાંધીનગરમાં મહિલા શકિતની ઝળહળતી જયોતિ એટલે 'લતા માસી'

### શહેરમાં વસવાટ ચાલુ કરવા સાથે જ આરંભેલ જયોતિ મહિલા મંડળના સ્થાપક પ્રમુખ લતાબેન ચોકસી મહિલા શકિતનો પર્યાય સમાન



**સંબંધ સજાવે જિંદગી**
સમીર રામી

ગાંધીનગર, તા.૧૯

ગાંધીનગરની ગુજરાતના પાટનગર તરીકે સ્થાપના કરાયા બાદ સચિવાલય સહિતના કર્મચારીઓના પરિવારો નવા સવા અહીં રહેવા આવ્યા હતા. પાયાની સુવિધાઓના વિકાસની નાગરિકો રાહ જોતા તેવા વર્ષ ૧૯૭૦ના સમયમાં ચોમાસાની ઋતુ સુરત શહેરમાં 'રેલ' આવી હોવાના સમાચાર માધ્યમોમાં પ્રકાશિત થયા હતા. આ સમયે સેકટર-૨૨માં માંડ બે માસથી રહેવા આવેલા સચિવાલયના કર્મચારી કે.જી. ચોકસીના પત્નિ લતાબેન ચોકસીને પૂરગ્રસ્તોને મદદરૂપ થવાનું મન થયું પરંતુ હજુ તેઓ આડોશ-પાડોશમાં પણ કોઈને ઓળખતા નહોતા. આમ છતાં હિંમત કરી તેમણે પહેલા પોતાના ચોકઠાંની અને સાથે સેકટરના અન્ય ભાગોની મહિલાઓને એકત્ર કરી રાહત કાર્ય હાથ ધરવા તૈયાર કર્યા.જોત જોતામાં બધી મહિલાઓએ સાથે મળીને એક ટ્રક ભરીને અનાજ, કપડાં, ફુડ પેકેટસ સહિતની રાહત સામગ્રી સુરતના પુરગ્રસ્તો માટે મોકલી આપી હતી. આ કાર્ય સાથે જ એક બનેલી મહિલા શકિતને તેમણે સંગઠિત કરી 'જયોતિ મહિલા મંડળ'ની સ્થાપના કરી જેની આજે અડધી સદી વટાવવાના આરે પહોંચવા સાથે હજુ પણ સેવા, સામાજિક અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓની જયોતિ પ્રજવલ્લિત છે.

આઝાદી પૂર્વે ૧૯૩૫માં દક્ષિણ ગુજરાતના વ્યારા ખાતે જન્મેલા લતાબેનનો પરિવાર સામાજિક પ્રવૃત્તિઓ સાથે સંકળાયેલો હતો. ગુજરાતના પૂર્વ મુખ્યમંત્રી અમરસિંહ ચૌધરી જેમના સહપાઠી રહી ચુકયા છે તેવા લતાબેનને અભ્યાસ કરતા પણ સંગીત, રમતગમત અને ઈતર પ્રવૃત્તિમાં ખૂબ રસ હતો. માંડ ઓલ્ડ એસએસસી સુધી ભણેલા લતાબેનના લગ્ન મુંબઈ રાજયના સચિવાલયના કર્મચારી કે.જી. ચોકસી સાથે થયા જેમની ગુજરાતની રચના સાથે પહેલા અમદાવાદ અને પછી ગાંધીનગર બદલી થતા અહીં આવીને વસ્યા હતા. તેઓ જે વિસ્તારમાં રહેતા હતા ત્યાં અનાજ દળવાની ઘંટી સુદ્ધાં નહોતી ત્યારે લતાબેને સહકારી મંડળી બનાવી ઘંટી ચાલુ કરી જેનું સંચાલન મહિલાઓ સંયુકત પણે કરતી હતી. આ ફલોર મીલ ૨૭ વર્ષ સુધી કાર્યરત રહી હતી. જયોતિ મહિલા મંડળની સ્થાપના બાદ તેમને મનગમી પ્રવૃત્તિઓ માટે જાણે ખુલ્લુ આકાશ મળ્યું અને પછી તેમણે ઘોડિયાઘરની સ્થાપના કરી. આ




ઘોડિયાઘરમાં તેસમયે એરકૂલર સહિત એવી સુવિધાઓ હતી કે તેની રાજયના નં. ૧ ઘોડિયા ઘર તરીકે ગણના થતી હતી. આ સાથે તેમણે સેકટર-૧૭માં સરકાર પાસેથી જગ્યા મેળવી તેમાં વૃક્ષારોપણ કરી 'મહિલા શકિતવન' સ્થાપ્યું. જેના વૃક્ષો આજે પણ ઘટાટોપ થઈ પાટનગરની વનરાજીની શોભા બની રહ્યા છે. આ વૃક્ષારોપણની પ્રવૃત્તિ પછી તેમનો દર વર્ષનો નિયત કાર્યક્રમ બની ગયો હતો.

મુખ્યમંત્રી તેમના પરિવારની સામાજિક પ્રવૃત્તિના સંસ્કારથી વાકેફ હોવાને કારણે તેમને સરકારની વિવિધ સમિતિઓમાં પણ સામેલ કરવામાં આવતા હતા. આ સમિતિઓમાં તેમણે કયારેય પોતાના ખર્ચનું વાઉચર મૂકયા વગર સેવાઓ આપી જેમાં ગ્રાહક સુરક્ષા સમિતિ, મહિલા સુરક્ષા સમિતિ, સોશિયલ વેલ્ફેર બોર્ડ, મહિલા આયોગ ઓલ ઈન્ડિયા સમિતિ, એસ.ટી. સલાહકાર, મેડીકલ એડવાઈઝરી બોર્ડ, નોટિફાઈડ એરિયા સમિતિ, બાલ્કન-જી-બારી, પોલિસ કમિટિ, સીઆરપી સમિતિ, પ્રૌઢ શિક્ષણ સમિતિ, મધ્યાહન ભોજન સમિતિ, રોગી કલ્યાણ સમિતિ, હાઈકોર્ટની મહિલા કેસ સમિતિ, કાનુની સેવા સત્તા મંડળ, મુદ્રા મહિલા બેંક વગેરેનો સમાવેશ થાય છે. જેમાં તેમણે વર્ષો સુધી સેવાઓ આપી. ગાંધીનગરમાં પ્રથમ મહિલા બેંકની સ્થાપનામાં પણ તેમના પ્રયાસો પાયામાં રહેલા છે. આ સાથે તેમણે વિવિધ સ્વૈચ્છિક સંસ્થાઓ જેવી કે લાયોનેસ કલબ, રેડક્રોસ સોસાયટી, દૂધ મંડળી વગેરેની સ્થાપનામાં પણ પાયાની ભૂમિકા ભજવી હતી. આ બધા સાથે જયોતિ મહિલા મંડળ થકી મહિલાઓ માટે સિવણના વર્ગો, મસાલા-પાપડ વિતરણ ઉપરાંત ટિફિન યોજના, નાસ્તા યોજના, શાળા-જેલ-કચેરીમાં ગણવેશ પુરા પાડવા, એઈડસ અને પ્રાથમિક સારવારના વર્ગો ચલાવવા, વિદ્યાર્થીઓને પ્રોત્સાહન આપવું, કુટુંબ નિયોજન જાગૃતિ કેમ્પ, નશાબંધી જાગૃતિ, પુર-દુષ્કાળમાં રાહત કાર્ય, મહિલાનો રકતદાન કેમ્પ, ભિક્ષુક ગૃહમાં નાસ્તો, મહિલા લોક અદાલત વગેરે સહિતની સામાજિક સેવા પ્રવૃત્તિઓ સતત કાર્યરત બની હતી. આ સાથે સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ જેવી કે નવરાત્રીમાં મહિલાઓ માટે ગરબા સ્પર્ધા, તહેવારોની ઉજવણી, સાર્ક બાલિકા વર્ષની ઉજવણી, વાનગી સ્પર્ધા, રમગમત સ્પર્ધા, વકતૃત્વ-વેશભૂષા-અભિનય સ્પર્ધા, પ્રવાસો વગેરે પણ ખરા જ. ગામડાઓમાં અનેકને નશામુકત કર્યા તો મહિલાને દહેજ પ્રથા છોડવા જાગૃત કરી. આ સાથે તેમણે કુટુંબ નિયોજનના ઓપરેશન-જાગૃતિ અભયાન પણ ચલાવ્યું. જેમાં એક સમયે માત્ર ૨ જ દિવસમાં ૧૦૦ લેપ્રોસ્કોપિક ઓપરેશન્સ હાથ ધરાયા હતા.

આ સમયગાળા દરમિયાન ત્રણ સંતાનોના ઉછેરની જવાબદારી પણ સુપેરે નિભાવવા સાથે તેમણે પોતે શાસ્ત્રીય સંગીત પણ શીખ્યું. કોઈની પણ સેવામાં હંમેશા ઉત્સાહથી તૈયાર રહેતા હતા. એકવાર વરસાદના સમયમાં તેમની ઘર સામે મોઢામાં ફીણ સાથે ઢળી પડેલી વૃધ્ધાની મદદ માટે તેમણે એમ્બ્યુલન્સ બોલાવી પરંતુ એકઠા થયેલા કોઈ નાગરિક સાથે જવા તૈયાર ના થતાં તેઓએ વૃધ્ધાનું માથું પોતાના ખોળામાં રાખી તેને હોસ્પિટલ લઈ જઈ સારવાર અપાવી હતી. એક વાર જયારે તેઓ ઘરે એકલા હતા ત્યારે અડધી રાત્રે કોઈ અજાણ્યા શખ્સે ફોન કરી સેકટર-૨૪માં બાળલગ્ન યોજાઈ રહ્યા હોવાની માહિતી આપી. લતાબેને તુરંત જ પોલિસને જાણ કરી આ બાળલગ્ન અટકાવ્યા તો બીજા દિવસે કન્યાના કુટુંબીજનો લાકડીઓ સાથે ઘરે આવી પહોંચ્યા હતા. જો કે તેમની સમજાવટના અંતે તેઓ દિકરીના બાળલગ્ન નહી કરવા સંમત થયા હતા. આજે ૮૩ વર્ષની ઉંમરે પણ સતત ઉર્જાથી કાર્યરત અને શહેરમાં 'લતા માસી' તરીકે ઓળખાતા લતાબેન ચોકસીને બબ્બે રાજયપાલો ઉપરાંત અનેક સ્વૈચ્છિક સંસ્થાઓ દ્વારા વિવિધ એવોર્ડથી સન્માનિત કરાઈ ચુકયા છે. દિકરીઓને શિક્ષણ અને સ્વબચાવની તાલીમ આપવી જોઈએ તેવું માનતા લતા માસી સાચા અર્થમાં 'મહિલા શકિત'નું પૂરક નામ છે.

- પ્રતિભાવો આવકાર્ય : samirtalod@yahoo.com

## @ગાંધીનગર

● રસ રોટલી આનંદનો ગરબો અરૂણાબેન પ્રજાપતિ પ્લોટનં. ૫૨૮/૧, આવકાર સોસાયટી, સે-૨૧ ખાતે બપોરે ૧ થી ૭ કલાક દરમિયાન યોજાશે.

● મા મેલડી આનંદ ગરબા મંડળ દ્વારા આનંદનો ગરબો મધુબેન એન. સોલંકી સ્વસ્તિક સોસાયટી, સે-૨૭, પ્લોટ નં. ૧૧૩૭ ખાતે સવારે ૧૦ થી ૧ દરમિયાન યોજાશે.

● જલારામ મંદિર ખાતે ભાવનાબેન ગોકલાણીના કંઠે આનંદનો ગરબો જલારામ મંદિર, સે-૨૯ ખાતે બપોરે ૧ થી ૬ કલાક દરમિયાન યોજાશે.

## વાતવાતમાં

● માણસામાં જાહેર સભા કરવાની મંજૂરી છેલ્લી ઘડીએ રદ કરી હોવા છતાં હાર્દિક પટેલે સભા કરી હતી. આ સભાને પગલે હવે પોલિસ તંત્ર, વહીવટી તંત્ર અને ચુટણી તંત્ર ત્રણેયમાં અવઢવ છે કે તેની વિરુધ્ધ પગલાં લેવા કે નહી અને જો લેવા હોય તો બિલાડીના ગળે ફરિયાદનો ઘંટ બાંધવા કોણ જાય?

● હાર્દિક પટેલનો કાફલો માણસા પહોંચે તે પહેલા રસ્તામાં સરઢવ ગામે તેનો વિરોધ કરવા ઉભેલા વિરોધીઓ સાથે ઘર્ષણ થયું હતું અને વિરોધીઓને માર પડતા સ્થળ છોડી ભાગવું પડયું હતું. જો કે આ ઘટના બાદ પણ વિરોધીઓએ હાર્દિક પટેલ વિરુધ્ધ પોલિસ ફરિયાદ કરવાનું ટાળ્યું છે.

● ગાંધીનગરના ટાઉનહોલ ખાતે આંતરરાષ્ટ્રીય માનવાધિકાર સુરક્ષા પરિષદનું કાર્યકર્તા સંમેલન યોજાયું હતું. આ સંમેલનમાં સંસ્થાના ગાંધીનગર જિલ્લાના કાર્યકર્તાઓનું સન્માન રાષ્ટ્રીય અધ્યક્ષના હસ્તે કરવામાં આવ્યું હતું.

● શહેરમાં વિધાનસભાની ચુંટણીઓનો માહોલ ધીમે ધીમે જામતો જોવા મળી રહ્યો છે. રવિવારે કોંગ્રેસ દ્વારા ઉમેદવારની યાદી પ્રસિધ્ધ થવાની બાબત 'ટોક ઓફ ધ ટાઉન' બની રહેવા પામી હતી.

## કલોલ લવલી ચોકમાંથી ત્રણ શકુનીઓ પકડાયા : રૂ. ૫૧૫૦ રોકડ મુદ્દામાલ પોલિસે જપ્ત કર્યો

ગાંધીનગર, તા.૧૯

કલોલ શહેરના લવલીચોકમાં જોગણી માતાજીના મંદિર પાસે કેટલાક શખ્સો જુગાર રમી રહ્યા હોવાની બાતમી કલોલ શહેર પોલિસને નાઈટ પેટ્રોલીંગ દરમિયાન મળતા કલોલ શહેર પોલિસની ટીમે રાત્રે લવલીચોકમાં દરોડો પાડયો હતો. પોલિસે લવલી ચોક ભરતની ચાલી ખાતે રહેતા ભરત કાંતિ પંચાલ, બાલમુકુંદ બળદેવ સોલંકી અને મજુર હાઉસીંગ સોસાયટીમાં રહેતા કૃણાલ રમણ જાદવ નામના ત્રણ શખ્સોને જુગાર રમતા રંગેહાથ પકડી પાડયા હતા. પોલિસે રૂ. ૫૧૫૦ રોકડ સાથે ત્રણેયની ધરપકડ કરી લઈ જુગારધારાની કલમ ૧૨ મુજબ ગુનો દાખલ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## ચિરવિદાય

- સ્વ. ભાઈલાલ માહનભાઈ ઠકકર, ઉ.વ.૭૨
- સ્વ. યશવંત ચતુર મહેરીયા, ઉ.વ.૧૫
- સ્વ. પટેલ ચંદ્રિકાબેન પ્રહલાદભાઈ, ઉ.વ. ૬૨